ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૧૬ ટકા

ગાંધીનગર તાપમાન

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

દિકરીના ફાધર, દહેજમાં એક વેન્ટીલેટર અને ચાર ઓક્સિજનનાં ભરેલા બાટલા દહેજમાં આપવા તૈયાર હતા એટલે... કોરોનાની ફૂલ સીઝનમાં લગ્ન ગોઠવી જ દીધા..!!

પરિવારે ૪૦ કલાક રાહ જોઈ પરંતુ ૧૦૮ એમ્બ્યુલન્સ ના આવી..!!

અચાનક જ પલંગમાં ઢળી પડેલા પેથાપુરના કોરોનાગ્રસ્ત યુવાનને હોસ્પિટલ લઈ જવા ૧૦૮ને કોલ કર્યો પરંતુ બે રાત વીતી ગઈ છતાં ૧૦૮ ના આવી : આ તરફ મોતને ભેટેલા યુવાનના મૃતદેહને બીજા માળેથી નીચે ઉતારવા તેના મોટાભાઈ તથા અન્ય બે મિત્રોએ હિંમત દાખવી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં ઝેરીલો કોરોના નાગરિકોના કાળજે એવો ડંખ દઈ રહ્યો છે કે જેનું કળતર અસહ્ય શૂળ ઉપજાવી રહ્યું છે. શહેરના પેથાપુર

વિસ્તારમાં એક યુવાન જે કોરોનાગ્રસ્ત હતો તેના માટે બોલાવેલી ૧૦૮ એમ્બ્યુલન્સ ૪૦ કલાક પછી પહોંચી ત્યાં સુધીમાં યુવાનનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. આ યુવાનના મૃતદેહને તેના ઘરના બીજા માળેથી ઉતારીને અંતિમવિધિ માટે લઈ જવા તેના મોટાભાઈ અને બે અન્ય સાહસિક અને સેવાભાવી યુવાનોએ પીપીઈ કીટ પહેરીને ઉતાર્યો હતો જે દશ્ય નિહાળીને ઉપસ્થિત નાગરિકો એક તરફ શોકાતુર હતા અને તે સાથે બીજી તરફ યુવાનોની સાહસિકતાને બિરદાવી રહ્યાં હતા.

પેથાપુરના મુખ્ય બજાર વિસ્તારમાં રહેતા એક વયોવૃદ્ધ નાગરિક રમેશભાઈ મોદીના ૪૫ વર્ષીય પુત્ર વિમલભાઈ કોરોના સંક્રમિત હોવાથી ઘરમાં પહેલા માળે હોમ આઈસોલેશનમાં સારવાર મેળવી રહ્યા હતા. ખાનગી કંપનીમાં નોકરી કરતા વિમલભાઈ મોદીને શનિવારે સાંજે પિતા રમેશભાઈ જમવાનું આપવા ગયાં ત્યારે વિમલભાઈએ થોડીવાર પછી જમીશ તેવુ કહ્યું હતુ. આશરે અડધો એક કલાક પછી રમેશભાઈ ફરી પુત્રને જમવાનું આપવા ગયા અને તેના રૂમની બહારથી હંમેશ મુજબ બુમ પાડી પરંતુ અંદરથી કોઈ પ્રત્યુત્તર ના મળતાં રમેશભાઈએ બારણું હડસેલી અંદર જોયું તો તેમનો પુત્ર પલંગમાં પડેલો હતો તેથી તેને બુમો પાડી બોલાવવા પ્રયત્ન કર્યો પરંતુ વિમલભાઈ જવાબ આપાતં નહોતા. છેવટે ઘરના સભ્યોએ ભેગા થઈને દૂરથી પાણી છાંટીને વિમલભાઈને જગાડવા પ્રયત્ન કર્યો પરંતુ તેમાં પણ સફળતા ના મળતાં પરિવારના હૈયે ફાળ પડી હતી. આથી પરિવારે તુરંત ડોકક્ટરનો સંપર્ક સાધવા પ્રયાસ કર્યો પરંતુ કોઈ ડોક્ટર ના મળતાં છેવટે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો જેના જવાબમાં 'વેઈટીંગ હોવાથી અમને આવતાં વાર લાગશે' જેવો જવાબ મળ્યો હતો. આ પછી નિયમિત સમયાંતરે ફોન કરવા છતાં ૧૦૮ તરફથી દર વખતે થોડીવારમાં આવી જઈશુ જેવું રટણ જ સાંભળળા મળ્યું હતું જેના કારણે હમણાં એમ્બ્યુલન્સ આવશે તેની રાહ જોવામાં આખી રાત પસાર થઈ ગઈ હતી. આ દરમ્યાન વિમલભાઈના શરીરમાં કોઈ હલનચલન ના થવાથી પરિવારને તેમનું મોત થયાનો અંદેશો આવી ગયો હતો પરંતુ ઉંડે ઉંડે એક આશા સાથે તેઓ બીજા દિવસે એટલે કે રવિવારે પણ ફોન કરતાં રહ્યાં તેમ છતાં રવિવારનો આખો દિવસ અને આખી રાત એમ્બ્યલન્સ આવી શકી નહોતી. અને સોમવારે સવારે અંદાજે ૪૦ કલાક બાદ એમ્બ્યુલન્સ કે શબવાહિની ના આવતાં વિમલભાઈના મોટાભાઈ વિપુલભાઈ તથા તેમના બે મિત્રો ધર્મેન્દ્રસિંહ અને મયુદ્દીનભાઈએ જાતે જ વિમલભાઈનો મૃતદેહ નીચે ઉતારવાનો નિર્ણય લીધો હતો અને ખાનગી વાહનમાં તેઓ વિમલભાઈને અંતિમક્રિયા માટે સ્મશાને લઈ ગયા હતા.

કેવી રીતે મૃતદેહને બીજા માળેથી નીચે ઉતાર્યો ??

મૃતક વિમલભાઈના મોટાભાઈ વિપુલભાઈના મિત્રો ધર્મેન્દ્રસિંહ, અનિરૂદ્ધસિંહ અને ભરતસિંહ વગેરે ઘટનાસ્થળે પહોંચી ગયાં હતા. મિત્રોના સાથથી હિંમત કરીને વિપુલભાઈએ પીપીઈ કીટ પહેરી હતી અને તેમની સાથે ધર્મેન્દ્રસિંહ તથા પેથાપુરના હાડવૈદ્ય મયુદ્દીનભાઈએ પણ પીપીઈ કીટ પહેરી ત્રણે મિત્રોએ વિમલભાઈનો મૃતદેહ ઉપરના માળેથી પ્લાસ્ટિકમાં લપેટીને નીચે ઉતાર્યો હતો. ઉપસ્થિત પડોશીઓ તથા સ્વજનોએ આ પરગજુ યુવાનોની હિંમતને બિરદાવી હતી.

હવે તો તમારે વિમલભાઈને લેવા છેક ઉપર જવું પડશે

વિમલભાઈ માટે બોલાવેલી ૧૦૮ એમ્બ્યુલન્સ સતત થોડીવાર લાગશેનું રટણ રટતી હતી. એમ્બ્યુલન્સને વિમલબાઈના પિતાના પિતરાઈ ભાઈ ફોન કરતા હતા તેથી જ્યારે ૪૦ કલાક પછી એમ્બ્યુલન્સ તરફથી જ્યારે સામેથી ફોન આવ્યો કે હવે અમે આવીએ છીએ, બોલો ક્યાં આવવાનું છે, ત્યારે પેલા ભાઈએ જવાબ આપ્યો કે 'વિમલભાઈને લેવા તો હવે તમારે છેક ઉપર જવુ પડશે.''

જન્મદિને વધામણી

રાજ સુથાર

રોનક પરમાર

ખૂણેખાંચરેથી

- નિવૃત્ત એડી. ચીફ સેક્રેટરી ટી.ડી. સોયંતરનું દુઃખદ અવસાન થયુ છે.
- પૂર્વ સનદી અધિકારી સંજય ગુમાનું કોરોનાની સારવાર દરમ્યાન લખનૌ ખાતે નિધન થયુ છે.
- દહેગામ કોંગ્રેસના અગ્રણી નંદુભાઈ અમીનનું કોરોનાની સારવાર દરમ્યાન નિધન થયુછે.
- શહેર કોંગ્રેસના અગ્રણી અને વસાહત મહાસંઘના સક્રિય કાર્યકર કે.પી. સોલંકીનું નિધન થયુ છે.
- દહેગામ નગરપાલિકા વિસ્તારમાં રજી મે સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યુ છે. અગાઉ આજ તારીખ સુધીનું ૩ દિવસનું લોકડાઉન હતુ.
- ગાંધીનગર મુક્તિધામ ખાતે બગડી ગયેલા ઝેરોક્ષ મશીનને તાકીદે રિપેર કરાવવા મ્યુ. કાઉન્સીલર પ્રવિણાબેન દરજીએ પત્ર કમિશનરને લખ્યો છે.
- સરઢવના વતની અને આજીવન શિક્ષક દશરથભાઈ એચ. રાવલનું જૈફવયે દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર સચિવાલયમાં કોરોનાનું સંક્રમણ વધતાં કર્મચારીઓની હાજરીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં ગરમીનો પ્રકોપ વધતાં બપોરના સમયે પાટનગરના રાજમાર્ગો સુમસામ બની જાય છે.
- સ્માર્ટ સીટી ગાંધીનગરની વેબસાઈટ પર કોરોના હેલ્પલાઈનનો જે નંબરો મુકવામાં આવ્યા છે તે બધા જ બંધ છે. મુકાયેલા ૪ નંબરોમાંથી માત્ર ૧ નંબર જ કાર્યરત હોવાથી નગરજનોની મુશ્કેલી વધી છે.

વનસ્પતિનાં પાદડાના આવરણ દ્વારા ભેજ ટકાવી રાકવાનું નિદર્શન કરાયું

ગુજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ- સાદરાના શતાબ્દી સ્મૃતિ બાગમાં ઓફિસ ટાઈમ ફૂલછોડમાં લાંબો વખત સુધી પાણીનો ભેજ સંગ્રહી રહે, અને સૂર્ય પ્કરાશથી જલ્દી ઉડી ન જાય તે માટે સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વનસ્પતિનાં પાંદડાઓનું આવરણ (મલ્ચીંગ - Mulchhing) નું નિદર્શન કરવામાં આવ્યું. જેનો મુખ્ય ઉદેશ્ય પાણી બચાવો ઝુંબેશને વેગ આપી પાણી બચાવવાનો છે. આ કાર્યમાં સંકુલના સૌ સલામતી સેવકોની સહભાગીતાથી ઓફિસ ટાઈમ ફૂલછોડનો ઉછેર કરાઈ રહ્યો છે.

ઘરેથી મહાવીર જન્મકલ્યાણક ની ઉજવણી

ભગવાન મહાવીરે વિશ્વ ને અહિંસા અને સદભાવ સાથે સંયમિત જીવન નો સંદેશ પાઠવ્યો હતો. કોરોના મહામારીના કારણે આ વર્ષે પણ જૈનો એ ચૈત્ર સુદ-૧૩ સે ભગવાન મહાવીર જન્મકલ્યાણક સાદય થી ઉજવ્યો. પેથાપુર ના જૈન પરીવાર દ્વારા ઘરેથી નવકારમંત્ર જાપ કરીને ભગવાન મહાવીર જન્મકલ્યાણક ઊજવ્યો હતો.

સરકારી કચેરીઓમાં કોરોનાનો ઓછાયો યથાવત્..!!!

ગાંધીનગરમાં શનિ-રવિની રજાઓ પછી ફરી શરૂ થયેલી સરકારી કચેરીઓમાં સોમવારે પણ કોરોનાનો ઓછાયો સ્પષ્ટ વર્તાતો હતો. સચિવાલયની મોટાભાગની સરકારી કચેરીઓમાં તદ્દન પાંખી હાજરી અને કેટલાંક વિભાગો તો સાવ સુમસામ નજરે ચઢતાં હતા.

સે. ૭-એ વસાહત મંડળ દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૬

કેટલાક દિવસથી સર્વત્ર કોરોનાનું પ્રમાણ ખૂબ જ વધી ગયુ છે. આ મહામારી સામે લડવા માટે આયુર્વેદિક ઉકાળો એ એક અગત્યનું પરિબળ છે. સેક્ટર-૧માં વેસ્ટર્ન એગ્રી સીડ્સ કંપની દ્વારા તૈયાર કરવામાં આતા ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. ત્યાંથી સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા લાવી સેક્ટર-૭-એ ના બગીચા ખાતે સતત ૧૫ દિવસથી સવારે ૮.૦૦ થી ૯.૦૦ સુધી રોજના લગભગ ૧૦૦ જેટલી વ્યક્તિઓને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

સેક્ટરના પ્રમુખ શિવાભાઈ જે. પટેલ, ઉપપ્રમુખ જશવંત ગાંધી તેમજ વિનોદભાઈ રાવલ, વિપુલ પટેલ વગેરે કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી હતી. કનુભાઈ જોષીએ દરરોજ સે. ૧ માંથી પોતાના વાહનમાં ઉકાળો લાવી આપવાની કામગીરી બજાવી હતી.

લાભાર્થીઓએ આ ઉમદા સેવાકાર્ય બદલ વસાહત વસાહત મંડળનો ખુશી ખુશી આભાર માન્યો હતો.

વધુ એક દંપત્તિએ એક જ દિવસે અનંતની વાટ પકડી..!!

મૂળ લવારપુરના અને દહેગામ રહેતા ૭૦ વર્ષીય ગાંડાભાઈ પટેલનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાથી નિધન : તેમની સાથે જ દાખલ પત્નિ શારદાબેન ગણતરીના કલાકોમાં ૫૦ વર્ષના લગ્નજીવનની જેમ જ મૃત્યુના માર્ગે પતિના પગલે ચાલી નીકળ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં વધુ એક દંપત્તિની કોરોના કરૂણાંતિકા સર્જાવા પામી છે. હજુ થોડા દિવસ પહેલા જ શહેરના સેક્ટર-૨ માં એક જ દિવસે પતિ-પત્નિ ગુજરી ગયાં હોવાની ઘટનાએ સૌને સ્તબ્ધ કરી દીધાં હતા અને હવે સિવિલ હોસ્પિટલમાં એક વયોવૃદ્ધ દંપત્તિએ ૫૦ વર્ષથી વધુના લગ્નજીવન બાદ એક જ દિવસે જીવ ગુમાવતાં અરેરાટી પ્રસરવા પામી છે. મૂળ લવારપુર ગામના અને હાલ દહેગામ રહેતાં આ વડીલ દંપત્તિમાં પહેલા પતિનું અવસાન થયું જેના આઘાતમાં ગણતરીના કલાકો બાદ જ પત્નિએ પણ અનંતની વાટ પકડતાં તેમના પાકટ પ્રેમથી સૌ કોઈ અચંબિત થઈ જવા પામ્યાં છે. ગાંધીનગર તાલુકાના લવારપુરના ૭૦ વર્ષીય ગાંડાભાઈ પટેલ જેઓ દહેગામના શ્રીનાથ બંગ્લોઝ ખાતે રહેતા હતા જેઓને કોરોના પોઝિટીવ રિપોર્ટ આવતાં પાટનગરની સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યાં હતા. આ સાથે તેમના ધર્મપત્નિ શારદાબેનનો પણ રિપોર્ટ પોઝિટીવ આવતાં તેમને પણ સાથે જ દાખલ કરવામાં આવ્યા હતા. આ બંને પતિ-પત્નિનું ૫૦ વર્ષથી વધુનું દાંપત્યજીવન ખૂબ જ લાગણીભર્યુ હતુ અને તે બંને વચ્ચે ક્યારેય તું તું મૈ મૈ પણ થયું હોય તેવું કોઈ સ્વજનોને યાદ નથી. આવુ સુમધુર પ્રેમભર્યુ દાંપત્યજીવન ધરાવતી બેલડી એક સાથે હોસ્પિટલમાં દાખલ થતાં સૌ કોઈ તેમના સહચર્યની જ ચર્ચા કરતા હતા પરંતુ કાળમુખા કોરોનાએ આવા પ્રેમાણ દંપત્તિ પર નજર બગાડી હતી. એક તરફ શારદાબેનનો રિપોર્ટ નેગેટિવ થઈ જતાં તેમને અન્યત્ર ખસેડવા માટે તબીબોએ જણાવ્યુ હતુ જેની તજવીજમાં સ્વજનો લાગેલા હતા ત્યારે જ ગાંડાભાઈ કોરોના સામે હારી જતા જીવનલીલા સંકેલી લીધી હતી. ગાંડાભાઈના અવસાનના સમાચારથી શારદાબેનને ભારે આઘાત લાગ્યો હતો અને આ પરિવારજનોને ગાંડાભાઈના અવસાનથી શોકમાં ગરકાવ હતા. ત્યાં ગણતરીના કલાકો બાદ શારદાબેને પણ અચાનક દેહ ત્યાગ કરી દીધો હતો જેના કારણે સ્વજનો દિગ્મૂઢ થઈ જવા પામ્યાં હતા. આમ વયોવૃદ્ધ દંપત્તિએ જીવનભર સાથ નિભાવ્યો અને મૃત્યુ સમયે પણ એકબીજાની સાથે જ અનંતની વાટ પકડતાં તેમના અનન્ય પ્રેમ સમક્ષ સૌ કોઈ નતમસ્તક થઈ જવા પામ્યા હતા.

સેક્ટર-૧૭ની કોવિડ હોસ્પિટલમાં દર્દી કોઈ પણ વાહનમાં આવે તો પણ સારવાર આપો : આપ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં સેક્ટર-૧૭માં હેલિપેડ ડોમ ખાતે ૧૨૦૦ બેડનું કોવિડ કેર સેન્ટર તૈયાર થઈ રહ્યું છે પરંતુ બીજી તરફ શહેરમાં અત્યારે સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી હોસ્પિટલો પણ દર્દીઓથી હાઉસફૂલ છે એટલું જ નહીં ૧૦૮ એમ્બ્યુલન્સ પણ દર્દીઓનો જીવ જતો રહે ત્યાં સુધી મળી ના શકે તેવા પણ દર્દનાક કિસ્સા સર્જાઈ રહ્યાં છે. આ ૧૦૮ એમ્બ્યુલન્સ સિવાય અન્ય કોઈ ખાનગી વાહનમાં દર્દી સિવિલ હોસ્પિટલમાં આવે તો તેને દાખલ કરવામાં નથી આવતો તેવા અહેવાલના પગલે આમ આદમી પાર્ટીના વોર્ડ નં. ૯ના ઉમેદવાર દેવ્યાંગ ત્રિવેદીએ હેલિપેડ ખાતે બની રહેલ કોવિડ કેર હોસ્પિટલમાં સરકારે ખાનગી વાહનોમાં આવતા દર્દીઓને પણ દાખલ કરી સારવાર આપવામાં આવે તેવી રજૂઆત જિલ્લા કલેકટર સમક્ષ મૂકી છે.

દેવ્યાંગ ત્રિવેદી દ્વારા સેકટર-૧૭ના ડોમ ખાતે ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલ તૈયાર કરવાના સરકારના નિર્ણયને આવકારના જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરી છે કે ૧૦૮ એમ્બ્યુલન્સમાં વેઈટીંગ ખૂબ હોવાથી દર્દીને ગંભીર સ્થિતિમાં તેની રાહ જોવામાં જીવ ગુમાવવો પડે તેવી સ્થિતિ સરજાઈ રહી હોવાથી આ હોસ્પિટલમાં ખાનગી વાહનમાં દર્દી આવે તો પણ સારવાર આપવી જોઈએ અને તે માટે વહેલાં તે પહેલાંના ધોરણે દર્દીઓને સારવાર આપવા વિનંતી કરી છે. આ સાથે દેવ્યાંગ ત્રિવેદીએ વોર્ડ નં. ૯માં કોરોના સંક્રમણના કેસો વધુ હોવાથી વોર્ડમાં સેનેટાઈઝેશન પ્રક્રિયા હાથ ધરવા મ્યુનિસિપલ કમિશનરને પણ લેખિત રજૂઆત કરી છે.

પાવરગ્રિડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટના યુનિટ્સનો આઈપીઓ ૨૯ એપ્રિલ, ૨૦૨૧ના રોજ ખુલશે અને ૩ મે, ૨૦૨૧ના રોજ બંધ થશે

InvIT નિયમનની દ્રષ્ટિએ મંજૂરી મળ્યા મુજબ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ તરીકે માલિકી ધરાવવા, નિર્માણ કરવા, કામ કરવા, જાળવણી કરવા અને રોકાણ કરવા સ્થાપિત InvIT પાવરગ્રિડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ ("પાવરગ્રિડ InvIT")ના યુનિટની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ("આઈપીઓ" કે "ઓફર") ૨૯ એપ્રિલ, ૨૦૨૧ને ગુરુવારે રોજ ખુલશે, જેની પ્રાઈસ બેન્ડ યુનિટદીઠ રૂ. ૯૯થી રૂ. ૧૦૦ નક્કી કરવામાં આવી છે. ઓફર ૩ મે, ૨૦૨૧ને સોમવારે બંધ થશે. પાવરગ્રિડ InvITએ રૂ. ૪૯,૯૩૪.૮૪ મિલિયન ("ફ્રેશ ઈશ્યૂ") સુધીના કુલ યુનિટ ઈશ્યૂ કર્યા છે તથા વિક્રેતા યુનિટધારક રૂ. ૨૭,૪૧૫.૦૮ મિલિયનના કુલ યુનિટ ઓફર કર્યા છે. એંકર રોકાણકારની બિડિંગની તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખ એટલે કે ૨૮ એપ્રિલ, ૨૦૨૧ અગાઉ એક દિવસ અગાઉ હશે. પાવરગ્રિડ InvITના યુનિટ બીએસઈ લિમિટેડ ("બીએસઈ") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ", જે બીએસઈ સાથે સંયુક્તપણે "સ્ટોક એક્સચેન્જીસ") પર લિસ્ટેડ થશે. ટ્રસ્ટને એના યુનિટના લિસ્ટિંડ માટે ૨ ફેબ્રુઆરી, ૨૦૨૧ અને ૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ અનુક્રમે બીએસઈ અને એનએસઈ પાસેથી પત્ર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. આ ઓફરમાં પોસ્ટ-ઓફરના આધારે બાકીના યુનિટનો ઓછામાં ઓછો ૧૦ ટકા હિસ્સો સામેલ હશે. ઓફરમાંથી થનારી ચોખ્ખી આવકનો ઉપયોગ આ ઉદ્દેશો માટે થશેઃ (૧) ઈનિશિયલ પોર્ટફોલિયો એસેટ્સને એની દ્વારા લેવામાં આવેલા ઋણની સંચિત વ્યાજ સહિત પુનઃચુકવણી કે આગોતરી ચુકવણી માટે લોન આપવા અને (૨) સાધારણ ઉદ્દેશો માટે.

ડૉ. બાબાસાહેબની ૧૩૭મી જન્મ જયંતિ પ્રસંગે દ્વિદિવસીય વ્યાખ્યાન માળાને બહોળો પ્રતિસાદ

ગાંધીનગર, તા.૨૬

ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૭મી જન્મ જયંતિ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટી સમાજશાસ્ત્ર વિભાગના ઉપક્રમે દ્વિદિવસીય ઓનલાઈન વ્યાખ્યાન માળાનું આયોજન થયુ હતુ. આ બંન્ને દિવસે પ્રા.ડૉ. રાજેન્દ્ર જાનીએ ભારતીય બંધારણ અને બાસાહેબના વિચારો ઉપર તજજ્ઞ વ્યાખ્યાન આપ્યુ હતું. આ કાર્યક્રમમાં અનુસ્નાતક કક્ષા, પીએચ.ડી. શોધાર્થી વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપક મિત્રો, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ સહિત અનેક રસ ધરાવતા શ્રોતાઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત જાણીતા કર્મશીલ પ્રા.ડો.સ્મિતા જોશી, પ્રા.ડો. રમીલાબેન પટેલ, પ્રદ્યુમનસિંહ મહિડા, પ્રા. પિયુષ ચૌધરી સહિતના અધ્યાપક મિત્રોએ બાબાસાહેબ અને



બંધારણ સંદર્ભે રોચક વિગતો રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન હિતેન્દ્ર સોલંકીએ સંભાળ્યુ હતુ. રશ્મિ પ્રજાપતિ, તરલિકા ચાવડા, ધીમહી ઠાકર, ચેતના દેસાઈએ સારી જહેમત ઉઠાવીને ઓનલાઈન કાર્યક્રમને સફળતા અપાવી હતી. આ બંન્ને વ્યાખ્યાન યુ-ટ્યુબ ચેનલ dr.rajendra jani પર અપલોડ કરવામાં આવ્યા છે જેનો લાભ લેવા વિનંતી છે.

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર દ્વારા હાટકેશ જયંતિની પ્રવર્તમાન નિયમોને આધીન પરિવારના સભ્યશ્રી મહેશભાઈ રાવલ તથા શ્રીમતી અંજનાબેન રાવલે શ્રી હાટકેશ દાદાની પૂજા અર્ચના શિવ અભિષેક તેમના નિવાસસ્થાને કરવામાં આવી હતી. પરિવારના પ્રમુખ ભાવેશભાઈ મહેતા દ્વારા ગૂગલ મોબાઈલ એપ દ્વારા વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરના તમામ સભ્યોને પૂજા-દર્શનનો લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવેલ હતી. સમગ્ર વિશ્વમાં વ્યાપેલી મહામારીમાંથી મુક્તિ અપાવવા હાટકેશ દાદાને પરિવારના તમામ સભ્યોએ પ્રાર્થના વિનવણી કરેલ હતી.



વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત આરાધના વિદ્યા વિહાર ઈંગ્લીશ મીડીયમ સ્કુલ દ્વારા તારીખ - ૨૪/૪/૨૦૨૧ ના રોજ ચાર્લી ચેપ્લિનના રમુજી વિડિયો પ્રદર્શન તથા જોક્સ કહેવાના કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું.